પીએમઓના કૃષ્ટ રોગ વિભાગનો સફાઈ કર્મી કરોડપતિ છે

પ્રયાગરાજના સફાઈકર્મીએ ૧૦ વર્ષથી પોતાનો પગાર ઉપાડ્યો જ નથીં

નવીદિલ્હી, ભારતમાં અવનવા પ્રયોગો થતા રહે છે અવનવી વાનગીઓ બને છે ભારતમાં અનેક જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય જેના કારણે જ ભારતમાં વિવિધ તહેવારો, ઉત્સવો ઉજવાય છે અને આવા વચ્ચે ભારતના અનેક લોકોમાં પણ વિવિધતા જોવા મળે છે ત્યારે પ્રયાગરાજમાં સીએમઓ ઓફિસના કુષ્ટ રોગ વિભાગમાં એક સફાઇ કર્મચારી કરોડપતિ છે. તેના ખાતામાં ૭૦ લાખ રૂપિયા છે અને તેની પાસે જમીન અને મકાન પણ છે. રસપ્રદ વાત એ છે કે તેણે છેલ્લા ૧૦ વર્ષથી પોતાનો પગાર ઉપાડ્યો નથી. બેંક વાળા તેને પોતાનો પગાર ઉપાડવાની વિનંતી કરી રહ્યા છે. ધીરજ પોતાનો ખર્ચ લોકો પાસેથી પૈસા માંગીને કાઢે છે. લોકોને પગે લાગીને પૈસા માંગે છે. ધીરજ નામનો આ વ્યક્તિ ખરાબ કપડા પહેરીને સીએમઓ ઓફિસની આસપાસ લોકો પાસે પૈસા માંગે છે. તેને ભીખારી સમજીને લોકો પૈસા પણ આપે છે. જોકે તે ભીખારી નથી પણ જિલ્લા કુષ્ટ રોગ વિભાગમાં સફાઇ કર્મચારી તરીકે કામ કરે છે અને તે કરોડપતિ છે. તેની માહિતી ત્યારે સામે આવી જ્યારે બેંકના કર્મચારી તે વ્યક્તિને શોધતા-શોધતા કુષ્ટ રોગ ઓફિસ પહોંચ્યા હતા. ત્યારે કર્મચારીઓને આ વાતની જાણકારી થઇ કે ધીરજ તો કરોડપતિ છે. તેણે ૧૦ વર્ષથી પોતાની સેલેરી ઉપાડી નથી. તેની પાસે પોતાનું મકાન અને ખાતામાં મોટી રકમ છે. ધીરજનો પહેરવેશ અને ગંદા કપડા જોઈને લોકો તેને ભીખારી સમજે છે. લોકો તેને પૈસા પણ આપે છે. ધીરજના પિતા આ વિભાગમાં સફાઇ કર્મચારી તરીકે કામ કરતા હતા. તેમના મોત પછી ધીરજને ૨૦૧૨માં તેમના સ્થાને નોકરી મળી હતી. ત્યારથી તેણે પોતે પોતાની સેલેરી બેંકમાંથી ઉપાડી નથી. તે અધિકારીઓ અને કર્મચારીઓ પાસે પૈસા માંગીને પોતાનો ઘર ખર્ચ ચલાવે છે. તેની માતાને પેન્શન પણ આવે છે. જોકે એક ખાસ વાત એ છે કે ધીરજ સરકારને ઈક્મ ટેક્સ પણ આપે છે. કરોડપતિ ધીરજ પોતાની માતા અને બહેન સાથે રહે છે. તે લગ્ન કરવા માંગતો નથી. તેનું કારણ છે કે તેને ડર છે કે તેની રકમ કોઇ લઇ ના લે. કર્મચારીઓનું માનવામાં આવે તો ધીરજ થોડો મગજથી નબળો છે. જોકે ઈમાનદારી અને મહેનતથી કામ કરે છે.

આઈપીએલની ફાઈનલ મેચ પર કરોડોનો સટ્ટો રમાશે તેવી સંભાવનાઓ

મુંબઈ, આઈપીએલ ફાઇનલની સૌથી મોંઘી ટિકિટ ૬૫ હજાર રૂપિયાની છે. જ્યારે સૌથી સસ્તી ટિકિટ ૮૦૦ રૂપિયાની છે. કોરોનાના કારણે લોકો સ્ટેડિયમમાં મેચ જોવા માટે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે. હવે જ્યારે બધા પ્રતિબંધો હટી ગયા છે ત્યારે ફાઇનલમાં મોટી સંખ્યામાં પ્રશંસકો હાજર રહેશે. બે વર્ષ પછી પ્રથમ વખત સ્ટેડિયમ પુરી ક્ષમતા સાથે ભરાશે. છેલ્લી બે સિઝનમાં કોરોના પ્રોટોકોલના કારણે મેચો પ્રશંસકો વગર કે ઓછા દર્શકોને જ સ્ટેડિયમમાં આવવાની મંજૂરી મળી હતી. હવે છૂટછાટ આપવામાં આવી છે.આઈપીએલ-૨૦૨૨ તેના અંતિમ પડાવ તરફ છે. હવે ફક્ત બે મેચો રમાવાની બાકી છે. ગુજરાત ટાઇટન્સે આઈપીએલની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. ફાઇનલમાં બીજી ટીમ કોણ હશે તેનો નિર્ણય ૨૭ મે ના રોજ રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચેના મુકાલબાથી થશે. આ મેચમાં જે ટીમ જીતશે તે ફાઇનલમાં પ્રવેશ કરશે. ફાઇનલમાં મુકાબલો ૨૯મે ના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. આઈપીએલની ફાઇનલ પહેલા સટ્ટાબજાર પણ સક્રિય થઇ ગયું છે. બુકીબજારના મતે રવિવારે રમાનારી ફાઇનલમાં ૧૦,૦૦૦ કરોડથી વધારે રૂપિયાનું બુકિંગ થવાની સંભાવના છે. તેમાં પણ ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો થશે તો સટ્ટાનો આંકડો વધી શકે છે. બુકીઓના મતે આઈપીએલ-૨૦૨૨માં ચેમ્પિયન બનવા માટે ગુજરાત ટાઇટન્સ હોટ ફેવરિટ છે. તેનો ભાવ ૯૫ પૈસા ચાલી રહ્યો છે. બીજી તરફ રાજસ્થાન રોયલ્સનો ભાવ ૩.૫૦ રૂપિયા ચાલી રહ્યો છે અને રોયલ ચેલેન્જર્સ બેંગલોરનો ભાવ ૪.૫૦ રૂપિયા ચાલી રહ્યો છે. બુકીબજારના મતે આ વખતે ટાઇટલ જીતવા ફેવરિટ મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નઇ સુપર કિંગ્સની ટીમ પ્લેઓફમાં ના પહોંચતા અને પ્રથમ વખત રમી રહી હોવા છતા ગુજરાત ટાઇટન્સે શાનદાર પ્રદર્શન કરતા ખેલૈયાઓના પાસા ઉંધા પડ્યા છે.

હરાજીમાં કોઈએ ભાવ ન પૂછનાર રજત પાટીદારે લખનઉ સામે સદી ફટકારી

મુંબઈ, રજત પાટીદારે બુધવારે પોતાના ક્રિકેટ કારકિર્દીની બેસ્ટ ઈનિંગ્સ રમી હતી. આઈપીએલ-૨૦૨૨ના એલિમિનેટર મુકાબલામાં તેણે ૫૪ બોલમાં અણનમ ૧૧૨ રન બનાવ્યા હતા. તેણે ટી-૨૦ કારકિર્દીની પ્રથમ સદી ફટકારી હતી. તેની ઈનિંગ્સની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલોરે લખનઉ સુપર જાયન્ટ્સ સામે ૧૪ રને જીત મેળવી ક્વોલિફાયર-૨માં સ્થાન બનાવ્યું છે. આરસીબીએ પ્રથમ બેટિંગ કરતા ૪ વિકેટે ૨૦૭ રન બનાવ્યા હતા. જવાબમાં લખનઉ સુપર જાયન્ટ્સની ટીમ ૬ વિકેટે ૧૯૩ રન બનાવી શકી હતી. કેપ્ટન રાહુલે ૭૯ રન બનાવ્યા હતા પણ ટીમની જીત અપાવી શક્યો ન હતો. આરસીબીની ટીમ હવે ૨૭ મે ના રોજ ક્વોલિફાયર-૨ માં રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે. જીત મેળવશે તો ફાઇનલમાં સ્થાન બનાવશે. ૨૮ વર્ષના રજત પાટીદારે પોતાની ઈનિંગ્સમાં ૧૨ ફોર અને ૭ સિક્સર ફટકારી હતી. એટલે કે ૯૦ રન તો બાઉન્ડ્રીથી ફટકાર્યા હતા. તે મેન ઓફ ધ મેચ બન્યો હતો. જીત પછી તેણે કહ્યું કે એક ઓવરમાં સારું કર્યા પછી તેને લાગ્યું કે તે આજે મોટી ઈનિંગ્સ રમી શકે છે. મેં પાવરપ્લેની અંતિમ ઓવરમાં કૃણાલ પંડ્યાની બોલ પર એક સિક્સર અને ૩ ફોરની મદદથી ૨૦ રન લીધા હતા. આ પછી મારામાં આત્મવિશ્વાસ આવ્યો હતો.

લખનઉની ટીમે રજત પાટીદારના ૨ થી ૩ કેચ છોડ્યા હતા. જેનો તેણે ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો. રજત પાટીદારે કહ્યું કે મારી પાસે મોટા શોટ રમવાની ક્ષમતા છે. આ કારણે જ્યારે પણ ડોટ બોલ રમું છું તો તેનાથી ગભરાતો નથી અને મારી ઉપર દબાણ પણ બનતું નથી. ઓક્શનમાં ના ખરીદવાના સવાલ પર તેણે કહ્યું કે આ મારા હાથમાં નથી. ઓક્શનમાં ના ખરીદાયા પછી મેં પોતાની રમત પર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. તમને જણાવી દઈએ કે તેને આરસીબીએ આઈપીએલની હરાજીમાં ખરીદ્યો ન હતો. જોકે લવનીથ સિસોદીયાને ઈજા થતા આરસીબીએ તેને ૨૦ લાખ રૂપિયામાં પોતાની ટીમમાં ખરીદ્યો હતો. તે ટી-૨૦ લીગના ઈતિહાસમાં પ્લેઓફમાં સદી ફટકારનાર પ્રથમ અનકેપ્ડ ખેલાડી પણ બન્યો છે.

વડોદરામાં ઓમિક્રોન બી.એ.પનો પ્રથમ કેસનો દર્દી સાજો થઈ વિદેશ જતો રહ્યો

વડોદરા, કોરોનાની ત્રીજી લહેરે પર વિદાય લીધી છે. પરંતુ, હજુ તેના નવા વેરિયન્ટ ક્યાંકને ક્યાંક દેખા દઇ રહ્યા છે, ત્યારે ગત ૧ મેના રોજ સાઉથ આફ્રિકાથી વડોદરા આવેલા ૨૯ વર્ષના યુવકને કોરોનાના લક્ષણો જણાતા રિપોર્ટ કરવામાં આવ્યો હતો. જેથી તેને ક્વોરન્ટીન કરવામાં આવ્યો હતો અને ૯ મેના રોજ તેનો કોરોનાનો નેગેટિવ રિપોર્ટ આવ્યો હતો. જેથી થોડા દિવસ બાદ તે સાઉથ આફ્રિકા પરત પણ ફર્યો હતો. કોરોના પોઝિટિવ યુવકના સેમ્પલને વધુ તપાસ માટે ગાંધીનગર ખાતે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું હતું. જેના જિનોમ સિક્વન્સિંગમાં યુવક ઓમિક્રોન બીએ.૫ પેટા પ્રકારથી સંક્રમિત થયો હોવાનું જાણવા મળ્યું હતું. આ સેમ્પલને વધુ તપાસ માટે હૈદરાબાદ ખાતે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું છે. સાઉથ આફ્રિકાના યુવકના સંપર્કમાં આવેલા કોઇને પણ કોરોનાના લક્ષણો જણાયા નથી. સંક્રમિત યુવકને પણ તાવ, ઠંડી લાગવી, ખાસી, શરદી જેવા લક્ષણો જવા મળ્યા હતા.વડોદરામાં કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટના પેટા પ્રકાર બીએ.પનો પ્રથમ એક કેસ નોંધાયો છે. જો કે, રાહતની વાત એ છે કે, દર્દી સાજો થઇને સાઉથ આફ્રિકા પરત ફરી ચુક્યો છે.

Hawa Engineers ltd.
An ISO 9001:2008 Certified Company
Registered office : Plot No. 129, Narol Road, Near Kashiram Textile Mill ,Ahmedabad ,Gujarat ,382405
II Email : cs@hawaengltd.com II Website : www.hawaengltd.com II
II Phone : 079-25320781, 25320782 II CIN : L29120GJ1993PLC019199 II

STATEMENT OF STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/YEAR ENDED 31-03-2022
(Rs. In Lakhs)

Sr. No.	Particulars	Quarter ended	Year to date	Quarter ended
		31-03-2022	31-03-2022	31-03-2021
		Audited	Audited	Audited
1	Total income from operations (net)	2265.06	7323.80	1561.75
2	Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	40.68	136.29	60.71
3	Net Profit/(Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	40.68	136.29	60.71
4	Net Profit/(Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items)	36.62	110.35	49.70
5	Total Comprehensive Income for the Period (Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax))	36.62	110.35	49.70
6	Equity Share Capital	352.64	352.64	352.64
7	Reserves (excluding Revaluation Reserve)	0.00	1220.08	0.00
8	Earnings Per Share (of ₹ 10/- each) (not annualised)	1.04	3.13	1.41
	Basic & Diluted			

Note :
1 The above results have been reviewed by the audit committee of the Company and taken on record by the Board of Directors of the Company in its meeting held on 28/05/2022 and same are also been reviewed by the statutory auditors of the Company.
2. The above is an extract of the detailed format of Quarterly/Yearly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/ Yearly Financial Results are available on the Stock Exchange websites(www.bseindia.com) and on the Company website(www.hawaengltd.com)

For, Hawa Engineers Ltd
Sd/-
Aslam F Kagdi
Managing Director
DIN:00006879

Place : Ahmedabad
Date : 28th May, 2022

બારામુલ્લામાં ૩ પાકિસ્તાની આતંકીઓના એન્કાઉન્ટર કરતા સુરક્ષાદળોને મળી મોટી સફળતા

જમ્મુકાશ્મીર, બારામુલ્લાના ક્રિરી વિસ્તારના નજીભટ ક્રોસિંગ પાસે સવારે થયેલી અથડામણમાં સુરક્ષાદળોએ ત્રણ પાકિસ્તાની આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા. આ ત્રણેય આતંકીઓ ઘૂસણખોરી કરીને આવ્યા હતા. એક પોલીસકર્મી પણ શહીદ થયો. અત્રે જણાવવાનું કે કાશ્મીરમાં હવે આતંકીઓએ ટાર્ગેટ કિલિંગ શરૂ કર્યું છે. ગઈ કાલે શ્રીનગરના સૌરા વિસ્તારમાં આતંકીઓએ એક પોલીસ કોન્સ્ટેબલને ઘરની બહાર ગોળીએથી વિંધી નાંખ્યો. આ ઘટનામાં પોલીસકર્મી શહીદ થયો અને તેની સાત વર્ષની પુત્રી ઘાયલ થઈ. અધિકારીઓએ જણાવ્યું હતું કે કોન્સ્ટેબલ સૈફુલ્લા કાદરી તેની પુત્રીને ટ્યુશન છોડવા જઈ રહ્યો હતો ત્યારે આતંકીઓએ તેને નિશાન બનાવ્યો. આ મહિનામાં ત્રીજા પોલીસકર્મીની આતંકીઓએ હત્યા કરી છે. શ્રીનગરના અનચાર વિસ્તારના ગનઈ મોહલ્લામાં કાદરીનું ઘર આવેલુ છે. ઘરની બહાર જ આતંકીઓએ તેના પર હુમલો કર્યા બાદ કાદરી અને તેની પુત્રીને હોસ્પિટલ લઈ જવાયા જ્યાં કાદરીનું મોત થઈ ગયું. બાળકીને હાથમાં ગોળી વાગી છે પરંતુ હાલ તેની કન્ડિશન સારી છેજમ્મુ અને કાશ્મીરના બારામુલ્લામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. કાશ્મીરના આઈજીપી વિજય કુમારે આપેલી માહિતી મુજબ એન્કાઉન્ટરમાં ત્રણ પાકિસ્તાની આતંકીઓનો ખાતમો કરાયો છે. જ્યારે આ જમ્મુ કાશ્મીર પોલીસનો એક જવાન શહીદ થયો છે.

રાજકોટમાં લોકડાયરામાં રૂપિયાનો વરસાદ વરસી પડ્યો

રાજકોટ, રીબડા ગામમાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકડાયરામાં કલાકારોએ ગીતો અને ભજનોની રમઝટ બોલવતાં લોકો મન મૂકીને વરસ્યા હતા. લોકડાયરામાં કોથળા મોઢે રૂપિયા ઊડતા ચારેતરફ રૂપિયા જ રૂપિયા જોવા મળ્યા હતા તેમજ ભાજપના નેતાઓ પર પણ ૧૦૦ અને ૫૦૦ની નોટો વરસાદ થયો હતો. સ્ટેજ અને આસપાસની જગ્યામાં નજર પડે ત્યાં રૂપિયા જ રૂપિયા જોવા મળ્યા હતા. રીબડામાં લોકડાયરામાં કીર્તિદાન ગઢવી, ઓસમાણ મીર, બ્રિજરાજદાન ગઢવી, સાંઈરામ દવે સહિતના કલાકારોએ લોકગીત, ભજન, દેશભક્તિનાં ગીત, લોકસાહિત્ય પીરસી લોકોને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. બીજી તરફ, લોકોએ પણ મન મૂકીને રૂપિયાનો વરસાદ કર્યો હતો. એટલા રૂપિયા ઊડ્યા કે સ્ટેજ પર ૨૦, ૧૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટના થર જામી ગયા હતા. આ લોકડાયરામાં ગુજરાત ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા, જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપત બોદર અને રાજકોટ ડેરીના ચેરમેન ગોરધન ધામેલિયા પર લોકોએ રૂપિયાનો વરસાદ કર્યો હતો. ગોંડલ તાલુકાના રીબડા ગામ ખાતે ૨૬ મે સુધી શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવનું આયોજન કરાયું છે, જેમાં વ્યાસપીઠ પરથી રમેશ ઓઝા કથાનું રસપાન કરાવી રહ્યા છે. રીબડા ખાતે મહીરાજ બજરંગબલી ટ્રસ્ટના પ્રણેતા મહિપતસિંહ ભાવુભાબાપુ જાડેજા દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે. ભાઈશ્રીની કથાનું શ્રવણ કરવા ગોંડલ અને રાજકોટ આસપાસનાં ગામડાંમાંથી મોટી સંખ્યામાં લોકો ઊમટી રહ્યા છે.

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા ગાંધીનગર ખાતે ૨૭ થી ૨૯ મે, ૨૦૨૨ દરમિયાન “રાષ્ટ્રીય મેંગો મહોત્સવ-૨૦૨૨”નું આયોજન

અમદાવાદ, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત સરકારના ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા તા. ૨૭ થી ૨૯ મે, ૨૦૨૨ દરમિયાન ગાંધીનગરના રામકથા મેદાન, સેક્ટર-૧૧ ખાતે "રાષ્ટ્રીય મેંગો મહોત્સવ-૨૦૨૨"નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે તા.૨૭મી મે, ૨૦૨૨ના રોજ સવારે ૮:૦૦ કલાકે ઉદ્ઘાટન કરશે. પ્રવાસન અને યાત્રાધામ વિકાસ મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી અને પ્રવાસન અને યાત્રાધામ વિકાસ રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી પણ ઉપસ્થિત રહેશે તેમ ગુજરાત પ્રવાસન નિગમની યાદીમાં જણાવાયું છે.

આ રાષ્ટ્રીય મેંગો મહોત્સવમાં ગુજરાત સહિત દેશભરનાવિવિધ પ્રદેશોમાં ઉત્પાદિત થતી અલગ-અલગ પ્રકારની કેરીનું પ્રદર્શન ગોઠવવામાં આવશે. જેમાં ગુજરાતની કેસર, હાફુસ, રાજાપુરી, જામદર, તોતાપુરી, નીલમ, દશેરી અને લંગડો કેરીનું તેમજ પંજાબની ચૌસા અને માલ્દા, હરિયાણાની ફઝલી, રાજસ્થાનની બોમ્બે ગ્રીન, મહારાષ્ટ્રની પાયરી, કર્ણાટકની બંગનાપલ્લી અને મુળગોઆ, આંધ્રપ્રદેશની સુવર્ણરેખા, મધ્યપ્રદેશની ફાઝી, પશ્ચિમ બંગાળની ગુલાબખસ અને હિમસાગર, બિહારની કિસનભોગ અને જર્દાલુ જેવી અનેક પ્રકારની કેરીના પ્રદર્શન સહ વેચાણના સ્ટોલ્સ પણ લગાવવામાં આવશે. ઉપરાંત આ ત્રિદિવસીય મહોત્સવ દરમિયાન વિવિધ મનોરંજક સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ બાળકો માટે એક્ટિવિટીનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

ભાજપ સાથે જોડાયેલા જગમલવાળા આપ પાર્ટીમાં જોડાયા

અમદાવાદ, તમામ પક્ષો એક બીજા પર આક્ષેપો પ્રતિઆક્ષેપો કરતા હોય છે અને જયારે ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવતા નેતાઓ અને પૂર્વ નેતાઓ પક્ષ પલટો કરે છે. આમ આદમી પાર્ટીમાં સોમનાથના મોટા રાજકીય અને સામાજિક આગેવાન જોડાયા છે. ભાજપના પૂર્વ નેતા જગમલ વાળા વિધિવત રીતે પાર્ટીમાં જોડાયા છે. જગમલ વાળાએ અરવિંદ કેજરીવાલ સાથે પણ મુલાકાત કરી હતી. આમ આદમી પાર્ટીના મહિલા પ્રમુખ ગૌરી દેસાઈ અને સંસ્થાપક સદસ્ય કિશોરભાઈ દેસાઈએ ખેસ અને ટોપી પહેરાવી સ્વાગત કર્યું હતું. જગમલ વાળા સેવાકીય પ્રવૃતી સાથે જોડાયેલા છે. રાજનીતિ સેવા માટે હોય છે પરંતુ ભાજપ અને કોંગ્રેસ જેવા પક્ષોએ ધંધો બનાવી દીધો છે. જગમાલભાઈએ જણાવ્યું હતું કે ૧૯૯૦થી જનતાદળમાં જોડાયેલો છું. પછી કોંગ્રેસમાં જોડાયો પણ મદદ ન કરી. અટલબિહારી વાજપેયી સાથે જોડાયો અને તેમની વાતો સાંભળી હતી. હું વાજપેયીના કહેવાથી ભાજપમાં જોડાયો. મારે દેશની સેવા કરવી છે. હું ૨૦- ૨૧ વર્ષ સુધી ભાજપમાં જોડાયો બાદમાં મેં ભાજપ છોડી અને ૨૦૧૨માં અપક્ષ લડ્યો હતો. ૨૦૧૪માં ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી થવાનું કહ્યું હતું પરંતુ હજી સુધી ૫ ટકા જ વધી છે. બધામાં સરકારે ટેક્સ વધાર્યો છે. ભાજપમાં તમામ કામોમાં ભ્રષ્ટાચાર થાય છે.

કેજરીવાલ સાહેબ આપણા દેશને મહાસત્તા પર મૂકી શકે છે. કોંગ્રેસનું નામો નિશાન મટી ગયું છે. ભાજપ-કોંગ્રેસ ધર્મના નામે છે. બંને પક્ષો એકબીજા સાથે મળેલા છે. પ્રજાની તેઓને પડી નથી. ભાજપે સબકા સાથ સબકા વિકાસ નહિ અને સબકા સાથ અપના વિકાસ કર્યું છે. કેજરીવાલ સબકા સાથ સબકા વિકાસ કરે છે. તેઓ દેશ માટે સારું કરશે માટે હું જોડાયો છે. સૌરાષ્ટ્રની ૪૦ સીટો પર લડી અને જીતાડીશું. પોરબંદર, જૂનાગઢ અને સોમનાથ જિલ્લાની જીતાડવાની જવાબદારી આપી છે. જગમલ વાળા સોમનાથ વિધાનસભાની સીટની કમિટમેન્ટ સાથે જોડાયા છે. જો કે પાર્ટી નક્કી કરશે કે મારે ચૂંટણી લડાવવી કે નહીં પરંતુ તેઓએ આડકતરી રીતે પોતાને ચૂંટણી લડાવે તેમ પણ કહ્યું હતું. જગમલ વાળા વર્ષ ૨૦૧૨માં સોમનાથ બેઠક પર અપક્ષ લડ્યા હતા. વર્ષ ૨૦૧૭માં અપક્ષ ફોર્મ ભર્યું હતું અને બાદમાં કોંગ્રેસના સમર્થનમાં ફોર્મ પાછું ખેંચ્યું હતું.

ભારતમાં અનેક જગ્યાએ ઈન્સ્ટાગ્રામ ડાઉન થવાની ફરિયાદ

નવીદિલ્હી, ભારતના અનેક વિસ્તારોમાં ઈન્સ્ટાગ્રામ ડાઉન છે. ડાઉન ડિટેક્ટર વેબસાઈટના હિસાબે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ હાલ આઉટેજની સમસ્યાનો સામનો કરી રહ્યું છે આ વીડિયો અને ફોટો શેરિંગ પ્લેટફોર્મ પર યૂઝર્સ લોગીન કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. જેની ફરિયાદ તેઓ ટ્વિટર જેવા અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ ડાઉન થવાની સૌથી વધુ રિપોર્ટ એપ સાથે જોડાયેલી છે. ૪૪ ટકા ફરિયાદો એપ યૂઝર્સે કરી છે, જ્યારે સર્વર કનેક્શન ૩૯ પરસેન્ટ અને ૧૭ ટકા લોકોને વેબસાઈટ ડાઉનની ફરિયાદો મળી છે. યૂઝર્સ લોગીન નથી કરી શકતા. જેના કારણે પરેશાની અનુભવી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ ડાઉન હોવા પર તેની પેરેન્ટ કંપની મેટાએ કોઈ ટિપ્પણી નથી કરી. સેંકડો ભારતીય યૂઝર્સની આ ફરિયાદ છે. જેના પર હજુ કોઈ પ્રતિક્રિયા સામે નથી આવી. બુધવારે સવારે ૧૦ વાગ્યાથી આ સમસ્યાનો યૂઝર્સ સામનો કરી રહ્યા છે. સતત ટ્વિટર પર ઈન્સ્ટાગ્રામ ડાઉન હોવાની ફરિયાદ સાથે ટ્વીટ્સ થઈ રહ્યા છે. જો કે, આ સમસ્યા તમામ યૂઝર્સ માટે નથી. કેટલાક યૂઝર્સ પહેલાની જેમ જ તેમનું ઈન્સ્ટાગ્રામ યૂઝ કરી રહ્યા છે

ચીનનો ભારત સહિત ઘણાં દેશોના વિસ્તારોમાં માલિકીનો દાવો

નવીદિલ્હી, ભારત, અમેરિકા અને વિશ્વના અન્ય દેશો પણ દક્ષિણ એશિયામાં ભારત-પેસિફિક વિસ્તારમાં મુક્ત ચર્ચાની વાત કરી રહ્યા છે. અંતે વડાપ્રધાન મોદીની મીટિંગ્સ અંગે જણાવતાં વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ કહ્યું હતું કે ક્વોડ સમિટમાં થયેલી ચર્ચા રચનાત્મક રહી હતી. ક્વોડના વિવિધ એજન્ડામાં ક્વોડના દેશોમાં સહકાર માટે ક્યો માર્ગ સારો છે તેની પર ફોકસ પર ચર્ચા થઇ હતી. ક્વાત્રાએ ઉમેર્યું હતું કે નેતાઓએ ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં પડકારો અને તકોની ચર્ચા કરી હતી. ચારેય નેતાઓએ વિવિધ આર્થિક અગ્રિમતાઓ પર પણ ચર્ચા કરી હતી. જેમાં કોરોનાને લગતી બાબતો જે જેમાં આરોગ્યના માળખાની બાબતમાં આરોગ્યની તૈયારીનો પણ સમાવેશ થતો હતો. એક સંયુક્ત નિવેદનમાં ચારેય નેતાઓએ કહ્યું હતું કે ક્વોડના દેશો આંતરરાષ્ટ્રીય કાયદાને વળગી રહેશે. જેમાં યુએન કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી (યુએનસીએલઓએસ)ને વળગી રહેવા ઉપરાંત નેવિગેશન અને ઓવરફ્લાઈટની આઝાદીને જાળવી રાખવાનો પણ સમાવેશ થાય છે. નિવેદનમાં ઉમેરાયું છે કે ક્વોડ પ્રાંતમાં ભાગીદારો સાથે સહકાર માટે પ્રતિબદ્ધ છે.આ દેશોએ બહુપક્ષીય સંસ્થાઓમાં સહકાર વધારવા સંમતિ દર્શાવી હતીચીને અનેક વખત ભારત સહિત વિશ્વના અનેક વિસ્તારોમાં તેના અંકુશનો દાવો કરતું રહ્યું છે. તેણે વિવાદિત દક્ષિણ ચીનનો દરિયો, ફિલીપાઈન્સ, બ્રુનેઇ, મલેશિયા અને વિયેતનામ પર તેના અંકુશનો દાવો કર્યો છે.

રાજયમાં ૭૧ ટકા ગુના ફોરેન્સિકની મદદથી ઉકેલાયા

અમદાવાદ, ગુજરાતમાં ગુનાઓને ઉકેલવામાં ફોરેન્સિક સાયન્સ ઘણી મહત્વની ભૂમિકા ભજવી રહ્યુ છે. તેની મદદથી ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૭૧ ટકા ગુનાઓ ઉકેલવામાં આવ્યા છે. ઘૃણાસ્પદ ગુનાના સ્થળે મળેલા જૈવિક પુરાવાને ફોરેન્સિક સાયન્સમાં મોકલીને અપરાધીને પકડવા માટેની કડીઓ મેળવવામાં આવે છે.

તેમા પણ ઘટનાસ્થળેથી એકત્રિત કરવામાં આવેલા ડીએનએ સેમ્પલ દ્વારા જ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૭ ટકા ગુનાઓ ઉકેલવામાં મદદ મળી છે, એમ ગાંધીનગરના ડિરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સે જણાવ્યું હતું. પોલીસે તેમા ફોરેન્સિક સાયન્સની મદદથી છેલ્લો ઉકેલેલો કેસ જુઓ તો ૨૦૧૭માં અમદાવાદ સ્થિત ઉદ્યોગપતિનું અપહરણ કરવામાં આવ્યું હતું અને પછી તેનું ખૂન કરવામાં આવ્યું હતું. આ કેસમાં છ અપહરણકારોના અન્ય પુરાવા એકત્રિત કરવામાં આવ્યા તેની સાથે કારમાં મળી આવેલી ટૂથપિકના આધારે અને તેઓએ પીડિતનું મોઢું બંધ રાખવા ઉપયોગમાં લીધેલી સેલોટેપ પરથી તેમના ડીએનએ સેમ્પલ લેવાયા હતા. આ કેસ છેલ્લા એવા કેટલાય કેસો વચ્ચેનો એક છે જેનો ફોરેન્સિક સાયન્સે સામનો કરવો પડ્યો છે. તેના પર કામ કરવું પડ્યું છે. ડિરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સને દર મહિને આ રીતે ડીએનએ ઉકેલવા મળતાં કેસોની સંખ્યા ૨૦૧૮-૧૯માં ૨૮ હતી જે ૨૦૨૨ના પહેલા ચાર મહિનામાં વધીને ૪૮ થઈ ગઈ છે. આમ તેની માસિક સરેરાશ લગભગ બમણી થવા જઈ રહી છે. પોસ્કો (પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ) એક્ટ હેઠળના મોટા કેસો અથવા તો સુરતમાં ગ્રીષ્મા વેકરિયા જેવા કેસોમાં ફોરેન્સિક સાયન્સ માટે ડીએનએ પુરાવા તરીકે અત્યંત મહત્ત્વનું નીવડ્યું છે. ડીએનએનો પુરાવો ફૂલપ્રૂફ મનાય છે. તેના લીધે હવે ગુનાના સ્થળેથી એકત્રિત કરવામાં આવેલા સેમ્પલમાં વધુને વધુ તપાસકારો ડીએનએ સાથે મેળવવા પર ભાર મૂકવા લાગ્યા છે. ભૂતકાળમાં અમે થૂંકેલા પાન અને અડધી ફૂંકેલી બીડીનું વિશ્લેષણ કરીને પણ ગુનેગારને પકડવામાં મદદ કરી છે, એમ વરિષ્ઠ ડીએફએસ અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પ્રકારના કુલ કેસોમાં ૬૫ ટકા કેસો પોસ્કોના હતા, જ્યારે ૨૦ ટકા બળાત્કારના હોય છે. ડીએનએ એક્ઝામિનરે જણાવ્યું હતું કે કેટલાક કિસ્સામાં તો શરીરનું પ્રવાહી કે વાળ કે અમુક હિસ્સો પુરાવા તરીકે આરોપીને કેસ સાથે જોડે છે.

મધ્યપ્રદેશમાં એક વૃદ્ધને મારમારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો

ભોપાલ, મધ્ય પ્રદેશમાં મોબ લિન્ચિંગની ઘટના બની છે. અહીંના નીમચમાં એક વૃદ્ધ વ્યક્તિને માર મારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક વ્યક્તિ વૃદ્ધને લાફા મારી રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા પહેલા વૃદ્ધનું મોત થઈ ચુક્યુ હતું. હવે વીડિયો સામે આવ્યા બાદ પરિવારજનોએ પોલીસમાં મારપીટથી મોત થવાની ફરિયાદ નોંધાવી છે. આ વાયરલ વીડિયોમાં સાંભળી શકાય છે કે મારનાર વ્યક્તિ તે કહેતા જોવા મળી રહ્યો છે કે શું તારૂ નામ મોહમ્મદ છે? જાવરાથી આવ્યો છે? તારૂ આધાર કાર્ડ દેખાડ. માર ખાનાર વૃદ્ધ કહી રહ્યા છે કે ૨૦૦ રૂપિયા લઈ લો. આ ઘટના મધ્યપ્રદેશના નીમચ જિલ્લાના મનાસાની છે. જે વ્યક્તિને માર મારવામાં આવ્યો તે વૃદ્ધ રતલામ જિલ્લાના સરસીના ભંવરલાલ ચત્તર જૈન છે, જેમની ઉંમર ૬૫ વર્ષ હતી. તે માનસિક રૂપથી નબળા હતા. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થવાના એક દિવસ પહેલા પોલીસે વૃદ્ધ વ્યક્તિનો ફોટો જાહેર કર્યો હતો. આ વ્યક્તિનો મૃતદેહ રામપુરા રોડ મારૂતિ શો-રૂમની પાસે મળ્યો હતો. જેની ઓળખ ભવંરલાલ જૈનથી થઈ હતી. આ વીડિયો સામે આવ્યા બાદ મૃતકના ભાઈ અને ગામના લોકો મનાસા પોલીસ સ્ટેશન પહોંચ્યા અને આરોપીની ધરપકડ કરી તેની વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરવા લાગ્યા હતા. પોલીસે વૃદ્ધને માર મારનાર વ્યક્તિની ઓળખ કરી લીધી છે. મારપીટ કરનાર આરોપી દિનેશ કુશવાહ છે, જે મનાસાનો રહેવાસી છે. તે ભાજપના પૂર્વ પાર્ષદનો પતિ છે. પોલીસે આ મામલામાં ૩૦૨ આઈપીસીની કલમ હેઠળ કેસ દાખલ કરી આગળની કાર્યવાહી કરી છે. મનાસા ટીઆઈના એલ ડાંગી ટી આઈ એ જણાવ્યું કે આ કેસમાં તપાસ કરવામાં આવી રહી છે. પૂરાવા ભેગા કરવામાં આવી રહ્યાં છે. ત્યારબાદ અન્ય લોકો પર પણ કાર્યવાહી કરવામાં આવશે. વીડિયોમાં એક વ્યક્તિ વૃદ્ધને લાફા મારી રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા પહેલા વૃદ્ધનું મોત થઈ ચુક્યુ હતું. હવે વીડિયો સામે આવ્યા બાદ પરિવારજનોએ પોલીસમાં મારપીટથી મોત થવાની ફરિયાદ નોંધાવી છે. આ વાયરલ વીડિયોમાં સાંભળી શકાય છે કે મારનાર વ્યક્તિ તે કહેતા જોવા મળી રહ્યો છે કે શું તારૂ નામ મોહમ્મદ છે? જાવરાથી આવ્યો છે? તારૂ આધાર કાર્ડ દેખાડ. માર ખાનાર વૃદ્ધ કહી રહ્યા છે કે ૨૦૦ રૂપિયા લઈ લો. આ ઘટના મધ્યપ્રદેશના નીમચ જિલ્લાના મનાસાની છે.

ધોળકા પાસે આવેલ રાઈસ મીલમાં શેડ પડતા ૩ લોકોના મોત

બાવળા, ગુજરાતમાં હમણાં જ હળવદમાં મીઠાની ફેક્ટરીમાં કામકરતા ૧૨ મજુરો દિવાલ ધરાશાયી થતાં મૃત્યુ પામ્યા હતા ત્યારે બીજી બાજુ બાવળામાં ધોળકા રોડ ઉપર આવેલી ગીરધારી રાઈસ મીલમાં શેડ બનાવવાનું કામ કોન્ટ્રાક્ટરને આપ્યું હતું. કોન્ટ્રાક્ટર ક્રેઈન દ્વારા લોખંડની મોટી-મોટી એંગલો ચડાવી રહ્યા હતાં અને નીચે મજુરો કામ કરી રહ્યા હતાં ત્યારે કોઈ કારણસર લોખંડની એંગલોનો માચકો નીચે ધરાસાઈ થતાં મજુરોમાં ભાગદોડ મચી જવા પામી હતી. આ લોખંડની ઇંગલો નીચે ૭ મજુરો આવી ગયા હતાં.ઈંગલો નો માચડો પડતાં મીલમાં કામ કરતાં કારીગરો અને આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતાં. એગલો ઉંચી કરીને તમામને બહાર કાઢ્યા હતાં.કોઈએ ૧૦૮ ની ઈમરજન્સી સેવાને જાણ કરતાં બાવળા, ધોળકા અને ચાંગોદરની ૧૦૮ તરત જ ઘટના સ્થળે પહોંચી જઈને તપાસ કરતાં ૨ મજુરોને માથાનો ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાં સ્થળે જ મોત થવા પામ્યું હતું. જયારે બાકીનાં ૨ મજુરોને બાવળા સરકારી દવાખાને લઈ જતાં એકને સારવાર મળે તે પહેલા જ મોત થવા પામ્યું હતું. એકને ગંભીર ઈજા થઈ હોવાથી પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો. જયારે ત્રણ મજુરોને નાની-મોટી ઈજા થતાં બાવળાની ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મરણ જનારમાં કાળું ઉર્ફ નિલેશ ઠાકોર,અરમાનભાઈ અને દિપકભાઈ પગી, તમામ રહેવાસી, રામનગર, બાવળાનો સમાવેશ થાય છે.